**મહે.શ્રી વાંકાનેર ના એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું.વાંકાનેર**

**ફો. કેસ નં.–૨૧૩/૨૦૨૬**
**આંક –**

**ફરીયાદી**
શ્રી સરકાર વતી શ્રી એમ.પી.જોષી,
સરકારી શ્રમ અધિકારી અને સમાન વેતન અધિનીયમ હેઠળ નિરીક્ષક,
મદદનીશ શ્રમ આયુકતની કચેરી,મોરબી, પહેલો માળ, રૂમ નં.૧૩૨,
સેવા સદન, લાલબાગ, સામાકાંઠે, મોરબી.

**વિરૂધ્ધ**

**આરોપી.**
(૧) રૈનબો ફેબપેક એલ.એલ.પી.
સર્વે નં.–૧૬૬/૧, ૧૬૬/૨, રંગપુર બસ સ્ટેશન પાછળ,
રંગપુર, તા.વાંકાનેર, જી.મોરબી–૩૬૩૬૨૧
(૨) શ્રી પ્રદિપભાઈ છગનભાઈ દલસાણીયા (ભાગીદાર)
કે/ઓફ રૈનબો ફેબપેક એલ.એલ.પી.
સર્વે નં.–૧૬૬/૧, ૧૬૬/૨, રંગપુર બસ સ્ટેશન પાછળ,
રંગપુર, તા.વાંકાનેર, જી.મોરબી–૩૬૩૬૨૧

**ગુન્હો:–બોનસ ચુકવણી અધિનિયમ–૧૯૬૫ તથા ગુજરાત બોનસ ચુકવણી નિયમો ૧૯૭૫ અન્વયે કલમ ૨૭(૪) અને ૧૯(બી) ના ભંગ અંગેની છે જે કલમ ૨૯ અનુસાર શિક્ષાને પાત્ર ગુન્હા મુજબ...**

**:: ચુકાદો ::**

૧. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ આરોપી સંસ્થાની મુલાકાત માં માલુમ પડેલ હતુ કે, આરોપીએ બોનસ ચુકવણી અધિનિયમ ૧૯૬૫ ની કલમ ૨૬ અનુસાર રાખવા/રજુ કરવા/બતાવવા જરૂરી છે તે રેકર્ડઝ અને રજીસ્ટરો રાખવામાં / રજુ કરવામાં / બતાવવામાં ચૂક કરી છે.

૨. તપાસ સમયે માંગવા છતાં વર્ષ ૨૦૨૩–૨૦૨૪ ના વર્ષ ના સરવૈયા તથા નફા – નુકશાન ખાતાઓ અને બોનસ પત્રક ''એ'', ''બી'', ''સી'' અને ''ડી'' નહી રજુ કરીને કલમ ૨૭(૪) નો ભંગ કરેલ છે.

૩. તપાસ સમયે શ્રમયોગીઓ (૧) લાલાભાઈ સોનારા (૨) ભુપતભાઈ ધોરીયા ના ઓ ને વર્ષ–૨૦૨૩–૨૦૨૪ નું બોનસ ચુકવેલ નથી. આથી કલમ ૧૯(બી) નો ભંગ કરેલ છે.

૪. આથી બોનસ ચુકવણી અધિનિયમ–૧૯૬૫ તથા ગુજરાત બોનસ ચુકવણી નિયમો ૧૯૭૫ અન્વયે કલમ ૨૭(૪) અને ૧૯(બી) ના ભંગ અંગેની છે જે કલમ ૨૯ અનુસાર શિક્ષાને પાત્ર ગુન્હાની અત્રેની કોર્ટ માં લેખિત ફરીયાદ કરેલ છે.

૫. ફરીયાદના આધારે આરોપીને સમન્સ કરી આરોપી હાજર થતા આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની જોગવાય અન્વયે કેસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને આંક–૫ અને ૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા જેમાં આરોપીઓ સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ આંક–૪ થી ગુન્હા ની કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તે ધ્યાને લેતા,તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે, તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે, અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તેથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, પરંતુ તેમણે આજ રોજ લોક અદાલત સમક્ષ તેમનો ગુન્હો કબુલ કરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

– પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૫ અન્વયે **બોનસ ચુકવણી અધિનિયમ–૧૯૬૫ તથા ગુજરાત બોનસ ચુકવણી નિયમો ૧૯૭૫ અન્વયે કલમ ૨૭(૪) અને ૧૯(બી) ના ભંગ અંગેની છે જે કલમ ૨૯ અનુસાર શિક્ષાને પાત્ર** હોય જેથી મુજબ **પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૧,૦૦૦/– એમ કુલ રૂા.૨,૦૦૦/– (રૂપિયા બે હજાર પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરાવવામાં કસુર કરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

સ્થળ : વાંકાનેર.
તા.: ૧૪–૦૩–૨૦૨૬
**સ્પે.સીટીંગ લોકઅદાલત**

**(વી.એસ.ઠાકોર)**
**(Code No. GJ01224)**
એડી. ચીફ જ્યુડી. મેજી.–વાંકાનેર